ફોજદારી કેસ નંબર 3901-2022

# ગુજરાત નશાબંધી ધારાની કલમ અન્વયે આંક– ૧ નીચે હુકમ

(૧) આજ રોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યો–જવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ઉપરોકત ગુના મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આારોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમા સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા આરોપી સામે ઉપરોકત જણાવેલ ગુનાનો આક્ષેપ છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરિયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકરી ડોકટર સાહેદ અને સરકરી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામા આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂઘ્ઘ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

## –: હુ ક મ :–

ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૫ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ઉપરોકત જણાવેલ મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂ ૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન : ૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા ૨૬ માહે જુન સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

(ગૌરવ શર્મા)
છઠા જયુડી. મેજી. ફ.ક.
અમદાવાદ (રુરલ) અમદાવાદ

તા. ૨૬/૦૬/૨૦૨૨
અમદાવાદ